# ખરીદી અને સામગ્રી મેનેજર

ખરીદી અને સામગ્રી મેનેજરની પ્રાથમિક ભૂમિકા અન્ય મેનેજરો સાથે સહયોગ કરી અને પુરવઠા સંબંધી જરૂરિયાતો નક્કી કરવાની છે. તેઓ ઉદ્યોગની જરૂરિયાત મુજબ પુરવઠો ખરીદે છે. કેટલીકવાર, તેઓ માલ સામાનને પ્રાપ્ત કરવાની અને તેનો સંગ્રહ કરવાની પ્રક્રિયાઓનું સંકલન અને દેખરેખ પણ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વસ્તુઓને વ્યવસ્થિત રાખવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે અન્ય લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો
- તમે નેતૃત્વ કરવાનું કૌશલ્ય ધરાવો છે



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૭૧,૦૦૦ થી ૧૬,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. (વાણિજ્ય પ્રવાહ ઈચ્છનિય છે.)

૨. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન/બિઝનેસ મેનેજમેન્ટમાં સ્નાતક (BBA / BBM) ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, તે જ વિષયમાં અનુસ્નાતક (MBA)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

ખરીદી અને સામગ્રી મેનેજરનું અંદાજીત માસિક વેતન રૂ. ૩૦,૨૦૦ થી ૧,૬૭,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Materials_Manager/Salary

NCS Code:  NA, CCode: LG006

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ઉત્પાદન એકમો, ખાનગી અને જાહેર ઉત્પાદન કંપનીઓ, ઈ-કોમર્સ કંપનીઓ, કુરિયર કંપનીઓ, નાના અને મોટા ઉદ્યોગો, કુટીર ઉદ્યોગો, શિપિંગ કંપનીઓ, સશસ્ત્ર દળો વગેરે

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

વ્યવસ્થાપન તાલીમાર્થી/પ્રથમ હરોળના સુપરવાઇઝર → પરચેઝિંગ એન્ડ મટિરિયલ્સ મેનેજર → સિનિયર પરચેઝિંગ એન્ડ મટિરિયલ્સ મેનેજર → લોજિસ્ટિક્સ હેડ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પરચેઝ મેનેજમેન્ટ, મટીરીયલ્સ મેનેજર, ઈક્વિપમેન્ટ મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન/મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દીનદયાલ ઉપાધ્યાય કોલેજ, નવી દિલ્હી
૨. એમકેબીયુ, ભાવનગર
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી બરોડા, વડોદરા
૪. યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૫. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૬. દૂન યુનિવર્સિટી, દેહરાદૂન
૭. ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સાયન્સ, સાવિત્રીબાઈ ફૂલેપુણે યુનિવર્સિટી
૮. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. સનરાઇઝ યુનિવર્સિટી, અલવર
૩. લક્ષ્મી ઈન્સ્ટિટયુટ ઑફ મેનેજમેન્ટ, વલસાડ
૪. શરણબસવ યુનિવર્સિટી, ગુલબર્ગા
૫. આર્કેડ બિઝનેસ કોલેજ, પટના
૬. ઓક્સબ્રિજ બિઝનેસ સ્કૂલ, બેંગલુરૂ
૭. જ્યોતિ નિવાસ કોલેજ, બેંગલુરૂ
૮. સાંકળચંદ પટેલ કૉલેજ ઓફ એન્જિનિયરીંગ, વિસનગર

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

પી.ડી.પી. જૂથના ડેપ્યુટી જનરલ મેનેજર **અનુશ્રી સેન** કહે છે કે એક મહિલા હોવાના કારણે આ ઉદ્યોગમાં તેમના ગ્રાહકો અને તેના સાથીદારો સમક્ષ પોતાની યોગ્યતા સાબિત કરવામાં તેમને ઘણો સમય લાગ્યો હતો. તેણીએ સિક્કિમ મણિપાલ યુનિવર્સિટીમાંથી માનવ સંસાધન વ્યવસ્થાપન/કર્મચારી વહીવટમાં એમ.બી.એ.ની પદવી હાંસલ કરેલ છે. તેણી સૌ પ્રથમ એક ગ્રાહક સેવા કર્મચારી તરીકે આંતરરાષ્ટ્રીય માલવાહક ફોરવર્ડિંગ કંપનીમાં જોડાઈ હતી અને ત્યાંથી આગળ વધ્યા અને પ્રગતિ કરી છે.*

સ્રોત: http://cargotalk.in/women-in-logistics-making-a-mark/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.